તા. ૫-૭-૨૦૧૫, રવિવાર : ૭

વડીલોને વંદન અભિનંદન

નિરંજન ઓઝા
(૧૯૩૯)ફોન: ૨૩૨૨૫૭૬૫

ખેડબ્રહ્મા સબજેલમાં મફત કાનૂની સહાય કેન્દ્ર શરૂ

ખેડબ્રહ્મા, તા.૪

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ અને સાબરકાંઠા જિલ્લા કાનુની સત્તા મંડળ દ્વારા ખેડબ્રહ્મા કાનુની સેવા સમિતિની મદદથી મફત કાનુની સહાય કેન્દ્ર ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રિ. સિવિલ જજ જે.વી.જોષી, એ.કે. ડાભી અને એચ.એન. મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સબજેલ કલનીકમાં કસ્ટડીમાંના આરોપીઓ તથા તેમના સગાસંબંધીઓને મફત કાનુની સલાહ સૂચન આપવાના હેતુથી આ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે.

કાર્યક્રમમાં રાજેન્દ્રસિંહ ચૌહાણ, જે.બી. સુથાર, બી.એસ. વાઘેલા, જેલર ઉપાધ્યાય સહિત બાર એસો.ના સભ્યો હાજર રહ્યા હતા.

પાલનપુરમાં સ્વામી વિવેકાનંદજીની ૧૧૩મી પૂણ્યતિથી એ શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

પાલનપુર, તા.૪

યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદજીની ૧૧૩મી પુણ્યતિથી દિન ૪ જુલાઈએ પાલનપુરમાં વિવેકાનંદ ચોક દિલ્હીગેટ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટર ગણપતભાઈ જોષીની આગેવાનીમાં વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર પાલનપુરના પ્રમુખ વિપુલ રાવલ, સદભાવના ટ્રસ્ટના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, પરિવર્તન યુવા ટ્રસ્ટના પ્રમુખ મનોજભાઈ જોષી, નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, શહેર ભાજપના મહામંત્રી નગીનદાસ મોદી, દિનેશભાઈ પંચાલ સહીત વિશાળ સંખ્યામાં યુવાનોએ ઉપસ્થિત રહી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

યુપીએસસીનું પરિણામ જાહેર

ટોપ ફાઈવમાં ચાર વિદ્યાર્થીની સામેલ : યુપીએસસી સિવિલ સર્વિસિસમાં ૧૩૬૪ ઉમેદવારો સફળ : સિવિલ સર્વિસની પરીક્ષામાં નવી દિલ્હીની ઈરા સિંઘલ ઓલ ઈન્ડિયા લેવલ પર પ્રથમ ક્રમ ઉપર : કેરળની રેણુ રાજ બીજા, દિલ્હીની નીધિ ગુપ્તા ત્રીજા રેંકે

અમદાવાદ, તા.૪

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા સીવીલ સર્વિસ પરીક્ષા ૨૦૧૪નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. ફરી એકવાર વિદ્યાર્થીનીઓએ આમાં બાજી મારી લીધી હતી. ટોપ-૪ પોઝિશન ઉપર વિદ્યાર્થીનીઓનો દબદબો રહ્યો છે, જ્યારે પાંચમા નંબર ઉપર સુહાર્સા ભગત રહ્યો છે. ટોપ-૪ રેંક ઉપર જે વિદ્યાર્થીનીઓ રહી છે તેમાં ઈરા સિંઘલ રેંક-૧ પર રહી છે જ્યારે રેણુ રાજ બીજા રેંક ઉપર, નિધી ગુપ્તા ત્રીજા રેન્ક ઉપર અને વંદના રાવ ચોથા રેન્ક ઉપર રહી છે.

યુપીએસસી દ્વારા ૧૨૩૬ ઉમેદવારોની એપોઈન્ટમેન્ટ માટે ભલામણ કરી છે. સાથે-સાથે ૨૫૪ ઉમેદવારોની રિઝર્વ લિસ્ટ જાળવી રાખી છે. આ પરીક્ષામાં કુલ ૧૩૬૪ ઉમેદવારો સફળ રહ્યા છે. જેમાં ૧૮૦ ઉમેદવારો આઈએએસ, ૩૨ આઈએફએસ, ૭૧૦ સેન્ટ્રલ સર્વિસિસ ગ્રુપએ અને ૨૯૨ ગ્રુપ બી સર્વિસિસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ૨૫૪ ઉમેદવારોને રિઝર્વ લિસ્ટમાં રાખવામાં આવ્યા છે. યીપીએસસી સિવિલ સર્વિસિસની આ પરીક્ષામાં નવી દિલ્હીની ઈરા સિંઘલ ઓલ ઈન્ડિયા લેવલે ટોપર રહી છે. જ્યારે બીજો રેન્ક પર કેરળની રેણુ રાજ,ત્રીજા રેન્ક પર દિલ્હીની નિધિ ગુપ્તા, ચોથા રેન્ક પર વંદના રાવ તથા પાંચમાં રેન્કમાં પર શુહર્ષ ભગતના નામની જાહેરાત થઈ હતી. નોધનીય વાત એ છે કે પરીક્ષામાં ટોપ ફાઈવ રેન્કમાં ચાર વિદ્યાર્થીનીઓને સમાવેશ થાય છે દેશમાં પ્રથમ અને ત્રીજા ક્રમાંકે આવનાર ઈરા અને નીધી દિલ્હીમાં રહે છે અને ઈન્ડિયન રેવન્યું સર્વિસની ઓફિસર છે. ઈરા ફિઝીકલી હેન્ડીકેપ છે. પરંતુ જનરલ કેટેગરીમાં પરીક્ષામાં ટોપ કર્યું છે. ઈરાએ કહ્યું છે કે હુ આઈએએસની તૈયારી કરી હતી. હું હવે ફિઝીકલ હેન્ડીકેપ્ટ લોકો માટે કંઈક કરવા માગું છું. બીજી બાજુ રેનુ રાજ કેરળના કોલ્લમમાં રહે છે અને વ્યવસાયે ડોકટર છે. રેનુને બીજો રેન્ક મળ્યો છે. રેનુએ કહ્યું છે કે, પરિણામ જાણીને બહુ ખુશી મળી છે. હું છેલ્લા એક વર્ષથી તૈયારી કરતી હતી ત્રીજા ક્રમે આવેલી નીધીએ કહ્યું છે કે, આ એક ગર્વ લેવાનો સમય છે. મે ખુબ મહેનત કરી હતી અને મને તેનું ફળ મળ્યું છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૨૪ ઓગસ્ટે દેશભરમાં ૫૯ કેન્દ્રોની ૨૧૩૭ જગ્યાઓ પર સિવિલ સર્વિસિઝની પ્રારંભિક પરીક્ષા આયોજિત કરાઈ હતી. રિપોર્ટસ મુજબ ૧,૩૬૪ પોઈન્ટસ માટે લગભગ ૯.૪૫ લાખ ઉમેદવારોએ આ પરીક્ષા માટે અરજી કરી હતી. જે પૈકી ૪.૯૧ લાખ ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી. જે પૈકી ૧૬,૨૮૬ ઉમેદવારોએ સિવિલ સર્વિસિઝની મેઈન પરીક્ષા માટે લાયક ઠર્યા હતા. આ મેઈન પરીક્ષાનાં આધારે ૩,૩૦૮ ઉમેદવારોને પર્સનાલિટી ટેસ્ટ માટે પંસદ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ૨૭મી એપ્રિલથી ૩૦ જુન સુધી પર્સનાલિટી ટેસ્ટની પ્રક્રિયા ચાલી હતી.

રતનપુર ચેક પોસ્ટ નજીકથી ૪.૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી પોલીસે ટ્રકમાંથી કિચનના માલસમાનની આડમાં છુપાવીને લવાતો ૪.૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપી એક આરોપીની ધરપકડ કરી

શામળાજી, તા.૪

અરવલ્લી જિલલાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલ આંતરરાજય સરહદ રતનપુર ચેક પોસ્ટ નજીક ટ્રકમાંથી કિચનના માલસામાનની આડમાં સંતાડીને ગુજરાત રાજયમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ૪.૭૨ લાખનો ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેક પોસ્ટ નજીકથી શામળાજી પોલિસે ૪.૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડયો છે. શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે શામળાજી પોલિસ સ્ટેશનનો ચાર્જ સંભાળતાની સાથે જ કડક કાર્યવાહી હાથ ધરી સઘન પેટ્રોલીંગ અને રાજસ્થાન તરરથી આવતા વાહનોનું ચેકિંગ હાથ ધરી વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરોના નિતનવા નુસખાઓ નિષ્ફળ બનાવતા આંતરરાજય બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. શામળાજી

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે આજે રતનપુર ચેક પોસ્ટ નજીક તેમની ટીમ સાથે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં એક ટ્રક-કન્ટેનર શંકાસ્પદ જણાતા ઉભુ રાખી તલાશી લેતાં ટ્રકની અંદર કિચનના માલ સામાનની આડમાં છુપાવીને લવાતો વિદેશી દારૂ-બિયરની ૧૨૬ પેટીઓ કુલ નંગ ૨૧૭૨ કુલ કિંમત રૂ. ૪,૭૨,૮૦૦ તથા ટ્રક (ગાડી નં. ડીએલ ૧ જીબી ૮૪૪૩)ની કિંમત રૂ. ૧૦૦૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૧ કિંમત રૂ.૫૦૦ મળી કુલ કિંમત રૂ. ૧૪૭૩૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક રાજવીરસિંગ જીવનસીંગ જાટવ (રહે. ૨૦૭, ખેડાકલા, દિલ્હી)ની ધરપકડ કરી ગુજરાત રાજયમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઘુસાડવાના ગુન્હામાં પ્રોહીબીશન એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાતના ૧૯ વિદ્યાર્થીઓ પાસ થયા

અમદાવાદ, તા.૪

યુપીએસસીની સિવિલ સર્વિસીસ પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨ વિદ્યાર્થીનીઓ સહિત ગુજરાતના કુલ ૨૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પાસ થયેલા વિદ્યાર્થીઓમાંથી ૧૮ આ વર્ષ જ્યારે ૨ ઉમેદવારો વર્ષ ૨૦૧૩-૧૪ની પરીક્ષાના અંતિમ પરિણામના રિઝર્વ લીસ્ટમાંથી પસંદગી પામ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદની સ્પીપાનાં ૪૫ વિદ્યાર્થીઓ યુપીએસસી મેઈન્સની પરીક્ષામાં પાસ થયા છે. આ વિદ્યાર્થીઓ પૈકી પર્સનાલીટી ટેસ્ટમાં ૧૮ વિદ્યાર્થીઓ પસંદગી પામવામાં સફળ રહ્યા છે. જ્યારે ૨ ઉમેદવારો વર્ષ ૨૦૧૩-૧૪ની પરીક્ષાના અંતિમ પરિણામની રિઝર્વ લીસ્ટમાંથી પસંદગી પામ્યા છે. નવાઈની વાત એ છે કે ચાલુ વર્ષ ઉતિર્ણ થનાર ૧૮ વિદ્યાર્થીઓ પૈકી ૧૦ વિદ્યાર્થીઓનું મુખ્ય વિષય ગુજરાતી સાહીત્ય હતો. ગુજરાતમાંથી યુપીએસસીની સિવિલ સર્વિસિસ પરીક્ષામાં સફળતા મેળવનાર રાજયમાં વિદ્યાર્થીઓની યાદી નીચે મુજબ છે.

ઉમેદવારનું નામ	ઓલ ઈન્ડિયા રેન્ક	મુખ્ય વિષય
અનિલ ધામેલિયા	૨૩	ગુજરાતી સાહિત્ય
મિહિર પટેલ	૨૭	ફિલોસોફી
રાજેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ પટેલ	૭૦	ગુજરાતી સાહિત્ય
કવન નરેશકુમાર લિંબાચીયા	૧૯૮	ફિલોસોફી
પ્રદીપસિંહ પ્રવિણસિંહ	૩૧૦	ગુજરાતી સાહિત્ય
ધર્મેન્દ્રસિંહ રણજિતસિંહ જાડેજા	૩૫૭ કોર્મસ એન્ડ એકાઉન્ટ	
રજતનિલ સોલંકી	૩૬૭	ગુજરાતી સાહિત્ય
ઈશાની પંડ્યા	૫૦૨	ગુજરાતી સાહિત્ય
અભિલાશ મિશ્રા	૫૧૮	પબ્લિક એડ
અલ્પેશ ધર્મેન્દ્રભાઈ મણિયા	૫૩૭	ગુજરાતી સાહિત્ય
હિતેશ જોઈશર	૬૩૪	પબ્લિક એડ
મેહુલ બલાસરા	૭૦૫	મેડિકલ સાયન્સ
નિવરકુમાર બાબુભાઈ સુત્તરિયા	૭૫૧	ગુજરાતી સાહિત્ય
ઉત્સવ ધનજીભાઈ પરમાર	૧૦૭૫	ગુજરાતી સાહિત્ય
કિરનેંદુ આર્યા	૧૧૦૬	ગુજરાતી સાહિત્ય
અમિત નગિનભાઈ વસાવા	૧૧૧૪	ઈતિહાસ
અવિનાશ કુમાર	૧૧૩૨	સાયકોલોજી
નિરવ એ પટેલ	૧૧૫૭	ગુજરાતી સાહિત્ય
હરિત કેતન શેલાત	રિઝર્વ લીસ્ટ ૨૦૧૩	જીઓગ્રાફિ

શામળાજી જૂની આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીકથી કતલખાને લઈ જવાતી ૫૨ ગાયો બચાવાઈ

શામળાજી, તા.૪

શામળાજીની જૂની આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક બાતમીના આધારે શામળાજી પોલીસે વોચ ગોઠવતા રાજસ્થાન તરફથી આવતી ટ્રકની તલાશી લેતાં ટ્રકમાં ભરીને કતલખાને લઈ જવાતી ૫૨ ગાયોને બચાવી લેવાઈ છે.

શામળાજી પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતના જણાવ્યા મુજબ બાતમીના આધારે જૂની આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. રાજસ્થાનથી આવતી ટ્રકની તલાશી લેતાં તેમાંથી ગેરકાયદેસર કતલખાને લઈ જવાતી ૫૨ ગાયો અતિ દયનીય હાલતમાં મળી આવી હતી જયારે પોલીસને જોઈને ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. એક ગાયના ૨ હજાર મળીને કુલ ૧ લાખ ૪ હજાર તથા ૧૦ લાખની ટ્રક મળીને ૧.૧ લાખ ૪ હજારનો મુદ્દામાલ શામળાજી પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત તથા હેડ કોન્સ્ટેબલ પ્રમોદ પંડયાની ટીમે ઝડપી પાડી છે. ઉપરોકત ૫૨ ગાયોને પાંજરાપોળમાં મોકલી દેવામાં આવી છે. આ ગાયોને પકડવામાં સંકેત પટેલ નામના જીવદયા પ્રેમી પણ જોડાયા હતા. આમ ગેરકાયદેસર કતલખાને જતા ૫૨ ગાયો બચી જતાં જીવદયા પ્રેમીઓમાં આનંદ છવાયો છે.



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

મોડાસાની ઉમિયા હોમ્સમાં સર્વિસટેક્ષની રેડ કે નાટક ?

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલ એક બિલ્ડરની સ્કીમમાં સર્વિસટેક્ષની ચોરી કરતા હોવાની બાતમીના આધારે સર્વિસટેક્ષ વિભાગના ૪ થી ૫ અધિકારીની ટીમ તપાસમાં આવી હતી. ત્યારબાદ ખાનગી રીતે તપાસ ચાલતી હતી. ત્યારબાદ અચાનક પત્રકારોના ધાડા ઉતરી પડતા અધિકારીઓ રફ્ફુચક્કર થઈ ગયા હતા. આમ અધિકારીએ તપાસ કરી કે નાટક ? તે તપાસનો વિષય બન્યો છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર ઉમિયા હોમ્સ નામની એક ટાઉનશીપ ચાલે છે. આ ટાઉનશીપમાં સર્વિસટેક્ષની ચોરી થતી હોવાની બાતમીના આધારે સર્વિસટેક્ષ વિભાગના ૪ થી ૫ અધિકારી ખાનગી કારમાં આવી પહોંચ્યા હતા અને બિલ્ડરના ત્યાં તપાસ હાથ ધરી હતી. આ બધુ ખાનગી રાહે ચાલતુ હતુ ત્યારે અચાનક પત્રકારોને ખબર પડતાં પત્રકારોના ટોળા ઉમટ્યા હતા. જ્યાં પત્રકારોને ઠંડુ પીવડાવી કોઈજ રેડ નથી તેમ બિલ્ડર દ્વારા કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ પત્રકારો આઘાપાછા થતાં જ બિલ્ડરની ચેમ્બરમાંથી જ ૪ સર્વિસટેક્ષના અધિકારીઓ બહાર નીકળીને ખાનગી ગાડી લઈ ભાગવા માંડ્યા હતા. તે કેમેરામાં આબાદ ઝડપાઈ ગયા હતા. આ અધિકારીઓ માજૂમ નદીના કિનારે આવેલી એક હોટલમાં જઈને બેસી ગયા હતા. અને ત્યાંથી પણ થોડા સમય બાદ ફરાર થઈ ગયા હતા. આ સર્વિસટેક્ષના અધિકારીઓ અસલી હતા કે નકલી ? કેમ સરકારી ગાડી લઈને રેડ કરવા ન આવ્યા ? કેમ પત્રકારો આગળ જુઠ્ઠુ બોલ્યા ? શું ભીનું સંકેલવાનો પ્રયાસ થયો ? આ બાબતે ગાંધીનગર સ્થિત સર્વિસટેક્ષ વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ રેડ બાબતે તપાસ કરી રેડમાં આવેલ અધિકારીઓ સામે પગલાં લે તે બેહદ જરૂરી છે.

શબ્દાવલી - ૫૭૭૯



આડી ચાવી

૧. પહેરણ, ઝભ્ભો (૪)
૬. બટન... માં પરોવાય ને વખાય (૨)
૭. અગાશી, ગેલેરી (૩)
૮. આનંદ, હરખ (૨)
૯. આડખીલી, નડતર (૩)
૧૦. પત્ર (હિન્દીમાં) (૨)
૧૨. દુનિયા, જગ (૩)
૧૩. કરનું ભારણ (૪)
૧૪. સાંજના ભોજનને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૬. રટણ, જીદ (૨)
૧૭. સડવું તે (૨)
૧૮. નકામા કપડાં (૨)
૨૦. આપ, લાવ (૨)
૨૧. ઝાંઝર (૩)

ઊભી ચાવી

૧. મિથ્યા, સાચુ નહિં તેવું(૫)
૨. ધમાલ મચાવવી (૫)
૩. હિરો, નાટકનો મુખ્ય કીરદ્દાર (૩)
૪. પ્રગટ થવું (૪)
૫. એક હથિયાર (૨)
૮. ગાન કરવું (૨)
૧૦. શિખામણ (હિન્દીમાં) (૪)
૧૧. સાગમટે, પરિવાર સાથે(૫)
૧૨. શરુઆત (૩)
૧૫. ૧૦૦ નો આંક, સેન્ચુરી(૨)
૧૬. ... ભાગ, વિનાશ (૨)
૧૭. ... નું જંગલ જયાં પ્રાણીઓ માટે અભયારણ્ય બનેલ છે (૨) (સૌરાષ્ટ્રમાં)
૧૯. સ્તર, ધોરણ (૨)

શબ્દાવલી ૫૭૭૮ના જવાબ

આડી ચાવી :- (૧) અંગરખુ (૬) ગાજ (૭) રવેશ (૮) ખુશી (૯) કાસળ (૧૦) ખત (૧૨) આલમ (૧૩) કરભાર (૧૪) ડીનર (૧૬) રઢ (૧૭) સડો (૧૮) ગાભા (૨૦) આલ (૨૧) પાયલ

ઊભી ચાવી :- (૧) અંગારો (૨) ગજ (૩) ખુરશી (૪) આશકા (૫) મુશળધાર (૮) ખુતમડી (૧૦) ખલ (૧૧) ઉકરડો (૧૨) આચરણ (૧૫) નસલ (૧૮) ગાય (૧૯) ભાલ

ઉનાળાનો અહેસાસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગરમીમાં થોડી રાહત જણાઈ હતી. આ વર્ષે ચોમાસાના પ્રારંભે એક-બે દિવસ વરસાદી ઝાપટાં પડ્યા બાદ અદૃશ્ય થઈ ગયેલા વરસાદની નગરજનો ચાતક નજરે વાટ જોઈ રહ્યાં છે. એકવાર પડેલા વરસાદના કારણે જમીનમાં ભેજ અને આકાશમાંથી તાપના કારણે બાફ ભર્યા ઉકળાટથી નગરજનો પરેશાન થઈ રહ્યાં છે. હવે વિધિસર ચોમાસુ ક્યારે બેસે તેની રાહ નગરના અબાલવૃદ્ધ સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગર મોખરે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૪૦૩૦ વિદ્યાથીઓએ પરિક્ષા આપી હતી. જયારે આ પૈકી સૌથી વધુ ૨૬ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ ઉપરાંત ચાંદખેડા કેન્દ્રમાંથી ૬૧૫ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી.જયારે આ પૈકી ૪ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં પાસ થયા છે. માણસા કેન્દ્રમાંથી ૫૧૬ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. કલોલ કેન્દ્રમાંથી ૬૮૩ વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેઠા હતા. જો કે આ પૈકી એક પણ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ નથી. જિલ્લામાં સૌથી વધુ ગાંધીનગર કેન્દ્રના વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જેમાં સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૧૦ વિદ્યાર્થી, ઈન્ફોસિટિ જુનિયર સાયન્સ કોલેજના ૮ અને કુડાસણ સ્કુલ ઓફ અચિવરના ૩ સેન્ટ ઝેવિયર્સના ૨ તેમજ સે-૨૩ શેઠ સી એમ વિધાલયના ૧ અને વેદ ઈન્ટરનેશનલ સ્કુલના ૧ વિદ્યાર્થીએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. બોર્ડની પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરિતિ ન થાય તે માટે પરિક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જેના અંતે સમગ્ર રાજયમાંથી ૬૪ વિદ્યાર્થીઓ સામે ગેરરિતિના કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જયારે આ પૈકી સુનાવણીના અંતે ૬૧ વિદ્યાર્થીઓની પરિક્ષા રદ કરવામાં આવી છે. જયારે એક વિદ્યાર્થીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે.

પરીક્ષામાં ઉત્તિર્ણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પરીક્ષાના પરિણામમાં ગુજરાતના ૧૯ યુવાનો પાસ થયેલા જાહેર થયા છે.

આ યુવાનો પૈકી ગાંધીનગર સમાચારના યુવા કોલમિસ્ટ ઉત્સવ પરમાર ૧૦૭૫માં ક્રમે ઉત્તીર્ણ થયા છે. ઉત્સવ પરમાર છેલ્લા ઘણા વર્ષોથી ગાંધીનગર સમાચારમાં 'કૉફી હાઉસ'ના નામે કોલમ લખે છે જે યુવાનોમાં ખુબ લોકપ્રિય છે. ઉત્સવ પરમારે સિવિલ સર્વિસ જેવી પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરી શહેરનું ગૌરવ વધાર્યું છે.

મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર દ્વારા ગાંધીનગરના ૮ વિદ્યાર્થીઓએ પણ યુપીએસસી દ્વારા મે ૨૦૧૫માં લેવાયેલી પર્સનાલિટી ટેસ્ટ આપી હતી જેમાંથી ૨ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ અંતિમ પસંદગી પામ્યા છે. જેમાંથી અનિલ ધામેલિયાએ ૨૩ અને રાજતનિલ સોલંકીએ ૩૬૭ રેન્ક મેળવ્યો છે.

સનદી સેવાઓ માટે ૧૪થી ૨૦ ડિસેમ્બરે ૨૦૧૪ દરમિયાન મેઈન એકઝામ લેવાઈ હતી. મમતા આઈ એ એસ ટ્રેનિંગ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને યુપીએસસીની પરીક્ષા માટે માર્ગદર્શન અને કોચિંગ અપાતું હોય છે. આ વર્ષે લેવાયેલી મુખ્ય પરીક્ષામાં મમતાના ૧૭ વિદ્યાર્થી બેઠા હતા તેમાંથી ૮ વિદ્યાર્થી પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદગી પામ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે આ તમામ ઉમેદવારોને તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬
ફોન : (૦૭૯) ૨૩૨ ૨૩૯૪૧ થી ૪૭

જાહેર નિવિદા

સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત રાજ્ય) દ્વારા ઈ-ટેન્ડર પદ્ધતિથી નીચે મુજબના કામોના ભાવો માંગવામાં આવે છે.

૧. ટેન્ડર આઈ.ડી. નં. ૧૮૧૮૮૯, કામનું નામ : ગુજરાત રાજ્યમાં ૧૫ તાલુકા પ્રયોગશાળાઓ ઉભી કરવાનું કામ, અંદાજીત રકમ : રૂ. ૧.૯૨ કરોડ
૨. ટેન્ડર આઈ.ડી. નં. ૧૮૧૮૯૨, કામનું નામ : પ્રયોગશાળાઓ માટે આઉટસોર્સીંગ પ્રોફેશનલ એજન્સીઓ પાસેથી મેન-મંથ આધારે લેબ સ્ટાફ પુરો પાડવાનું કામ, અંદાજિત રકમ : રૂ. ૬.૭૩ કરોડ
૩. ટેન્ડર આઈ.ડી. નં. ૧૮૧૮૯૭, કામનું નામ : વાસ્મો સંસ્થા માટે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ચકાસણી માટે વૉટર ક્વૉલિટી ટેસ્ટીંગ ફિલ્ડ કીટ ખરીદ કરવાનું કામ, અંદાજીત રકમ : રૂ. ૧.૬૬ કરોડ

રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો કે જેઓ ભાગ લેવા ઈચ્છુક છે, તેઓ ટેન્ડર અંગેની વધુ માહિતી www.gwssb.gujarat.gov.in તથા www.nprocure.com પરથી ઉપરોક્ત ટેન્ડર આઈ.ડી. નંબર નાખીને તદ્દન મફતમાં ડાઉનલોડ કરી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૬/૮/૨૦૧૫ છે.

ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૬/૮/૨૦૧૫ છે. (સમય ૧૮:૦૦ કલાક)

ટેન્ડરનું ઓનલાઈન ઓપનીંગ તા. ૧૩/૮/૨૦૧૫ના રોજ ૧૨:૦૦ કલાકે આ કચેરીમાં કરવામાં આવશે.

કોઈપણ ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા સંયુક્ત નિયામક, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાને અબાધિત રહેશે.

માહિતી/૮૪૦/૨૦૧૫-૧૬